બાળકો અને નવયુવાનો માટે

# હાદી

માસિક

રજબુલ મુરજ્જબ હી.સ.૧૪૩૩,
જૂન - ૨૦૧૨

અંક ૪૪



રૂ. 30/-



# નબી સ.અ.વ.ની શિખામણો

## (બોધ વચનો)

હે અલી !

દાતણ (બ્રશ) કરવું તે સુન્નત છે, તે :-

(૧) મોઢાને સાફ - સ્વચ્છ- પવિત્ર કરી દે છે.

(૨) આંખોને પ્રકાશમય બનાવે છે. (દ્રષ્ટિની શક્તિને વધારે છે)

(૩) અલ્લાહને પ્રસન્ન કરે છે.

(૪) દાંતોને સફેદ કરે છે.

(૫) દાંતોના મૂળને ખરાબ થવાથી (સડાથી) બચાવે છે.

(૬) પેઢાને મજબૂત કરે છે.

(૭) ભૂખમાં વધારો કરે છે. (દાંતણ કરવાથી ભૂખ વધારે લાગે છે)

(૮) સળેખમને દૂર કરે છે.

(૯) યાદશક્તિને વધારે છે.

(૧૦) દાંતણ કરવાથી ફરિશ્તાઓ ખુશ રહે છે.




E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

રજબ હીજરી સન ૧૪૩૩,
જૂન - ૨૦૧૨


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજજત**
અરવાહોના ફિદાહ, અજજલલ્લાહો તઆલા ફરજહુશરીફ
**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :
**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :
**અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**
**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com


મારા વહાલા બાળકો ! સલામુન - અલ્યકુમ!

વહાલા બાળકો ! રજબનો અંક તમારા હાથમાં છે. અમે આપ તમામ બાળકોને આ માસની મુબારક તારીખોને અનુલક્ષીને મુબારકબાદ પેશ કરીએ છીએ. આપ પણ પોતાના સાથીઓ- મિત્રો- ઘરના લોકો - ગલી મહોલ્લા અને શહેરના ઓળખીતાઓને મુબારકબાદ આપજો - અને આપણાં અઈમ્માની વિલાદત મનાવવામાં અને મિઠાઈઓ વહેંચવામાં બધાની સાથે સામેલ રહેજો.

આ માસની ઘણી બધી ફઝીલતો બયાન થઈ છે. આ મહીનો અહલેબૈત અ.સ.નો મહીનો કહેવાય છે. આ મહીનાના ખાસ આઅમાલ અને દુઆઓ પણ બયાન કરવામાં આવી છે. ખાસ કરી ૧૩-૧૪ અને ૧૫મી તારીખોના આઅમાલનું ખાસ ધ્યાન રાખજો.

આ મહીનામાં રોજા રાખવા અને ઈફતાર કરાવવાના ઘણાં સવાબનું બયાન પણ કરવામાં આવ્યું છે તેથી તે બાબત પણ ભૂલતા નહીં.... કેટલાંક રોજાઓ તો જરૂર રાખજો - અને પોતાના ઘરવાળાઓ અને મિત્રોને પણ રોજા રાખવા અને ખાસ આઅમાલ અને દુઆઓ કરવા માટે તાકીદ કરજો - અને હા, પોતાના હાદી માસિક માટે પણ દુઆઓ જરૂર કરજો.

અને હા, વેકેશન પણ ચાલુ છે તેથી પૂરેપૂરો સમય ખેલદૂકમાં બરબાદ કરી ના દેજો. ગરમીની ઋતુ છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખજો - ગરમીથી લૂ લાગવાથી બચીને રહેજો અને વધારેથી વધારે સમય કાઢી દીનની વાતો જાણવા-વાંચવા અને શીખવા ઉપર પુરતું ધ્યાન આપજો.

વસ્સલામ
અને અમારા માટે દુઆની પ્રાર્થના.


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

**વાર્ષિક લવાજમ**
રૂા.૩૦૦/-

# ઈમામ અલી નકી અ.સ.ના મહાન માતા



**નામ અને કુટુંબ :**

**આપનું નામ સમાના ખાતૂન હતું.**

**આપની કુનીયત (વંશવાચક વિશેષણ)** ઉમ્મુલ ફઝલ હતી.

આપનું કુટુંબ : આપના વિશે એવું કહેવાયું છે કે ઈમામ જવાદ અ.સ. એ જે નિશાનીઓ બતાવી હતી તે પ્રમાણે આપને દાસીઓમાંથી ખરીદવામાં આવ્યા હતાં.

**આપના ફઝાઈલ :**

આપની ફઝીલત માટે એટલું જ પુરતું છે કે આપ માઅસૂમ ઈમામ જવાદ અ.સ.ના પત્ની અને માઅસૂમ ઈમામ હાદી અ.સ.ના મહાન માતા હતા.



કહેવાય છે કે ઈબાદત અને પરહેઝગારીમાં આપની સમકાલિન સ્ત્રીઓમાંથી કોઈ પણ સ્ત્રી આપની સમકક્ષ નહોતી. આપ પોતાના યુગની સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ સન્નારી હતાં. આપ મોટા ભાગે રોઝા રાખતા હતાં.



E-mail : hadimasik@yahoo.com

ઈમામ હાદી અ.સ. આપના માટે ફરમાવે છે કે મારા માતા મારા ઈમામતના સ્થાનને ઓળખનાર છે અને જન્નતના લોકો પૈકીની છે. શયતાન તેમના સમીપ પણ આવી શક્યો નથી. તેઓ અલ્લાહની ખાસ કૃપાદષ્ટિને પાત્ર રહ્યા હતા, તેમનાં અને સિદ્દીકીન અને સાલેહીન લોકોની માતાઓમાં કોઈ તફાવત નહોતો. (દલાલ-તુલ-ઈમામાહ-પાનં. ૨૧૬)



આપની ગણત્રી હદીસો સંભળાવનાર વ્યક્તિઓ (રાવિયાને અહાદીસ)માં થાય છે.

## આપની મુબારક શાદી :

મુહમ્મદ-બિન-ફર્જ ઈબ્રાહીમથી રિવાયત છે કે મને એક દિવસ અબૂજાઅફર-નવમા ઈમામ - હઝરત મુહમ્મદ તકીએ બોલાવ્યો અને કહ્યું કે એક કાફલો આવ્યો છે તેમાં ગુલામોના વેપારીઓ પણ છે, તેમની પાસે એક દાસી છે.મને એક સીલબંધ થેલી આપીને કહ્યું, આમા દીનાર છે. તમે જાવ અને આવા - આવા ગુણો-ખાસીયતો ધરાવે છે તે દાસીને ખરીદી આવો. હું ગયો અને મને બતાવવામાં આવેલ શરતો (ગુણો અને ખાસીયતો) કહી સંભળાવી તો ખબર પડી કે આ ગુણો અને ખાસીયતો ધરાવતી એક જ દાસી છે અને જે અત્યારે પણ વેચાઈ ગયેલ નથી. જ્યારે ગુલામોના વેપારીને તેની કિંમત પૂછી તો તેણે સારી એવી કિંમત માંગી - ઈમામ અ.સ.એ આપેલ સીલબંધ થેલી ખોલવામાં આવી તો તેમાંથી તે વેપારીએ માંગી હતી તેટલી જ રકમ નીકળી.



શાદી પછી આપની કુખે ઈમામતનું દસમું પુષ્પ પાંગર્યુ જેને કારણે જગત માંથી શીઈયતને પાંગરવાનો મોકો મળ્યો.

# જીવવાનો અધિકાર

(ગયા અંકથી ચાલુ)

અને આત્મહત્યાને હરામ ઠરાવનારી રિવાયતમાં આવ્યું છે કે "મોમિન ઉપર કોઈપણ ભારે આફત (અલ્લાહ તરફથી તેની થતી પરીક્ષા) કેમ ન આવી પડે તે આત્મહત્યા નથી કરતો. અને જે વ્યક્તિ જાણી જોઈને આત્મહત્યા કરે તેને હંમેશા-હંમેશા માટે જહન્નમમાં નાંખી દેવામાં આવશે."

અને કેટલાંક સંકુચિત વિચારસરણીવાળા અને વિચારશક્તિ વિહોણા શીઆ લોકોને મેણું મારે છે કે તેમને ત્યાં "તકય્યા" (પોતાની અસલ વિચારસરણી અને માન્યતાઓને જાહેર ન કરવી - છુપાવી રાખવી તે) ની છૂટ છે. આ લોકો "તકય્યા"ના ઉંડા તત્વોથી અજાણ છે અથવા જાણી જોઈને અજાણતા દર્શાવે છે જો કે "તકય્યા" નો પાયો અને મૂળ કારણ લોહીને વહેવાથી (લોકોના ખુન ખરાબાથી) રોકવામાં રહેલો છે.

તેથી જ મહાન તત્વવેત્તા અને દાર્શર્નિક "હલીઝ" ફરમાવે છે કે "જો કોઈ વ્યક્તિ બીજા કોઈને અન્યને મારી નાંખવા માટે વિવશ કરે તો "કિસાસ" (ખુનનો બદલો) મારી નાંખનારની પોતાની ઉપર છે. નહીં કે મારી નાંખવા માટે વિવશ કરનાર ઉપર અને અલી ઈબ્ને રઆબની રિવાયતમાં આવ્યું છે કે મારી નાંખવાનો (ખૂન કરવાનો) હુકમ આપનાર વ્યક્તિને તે મૃત્યુ પામે ત્યાં સુધી બંદી બનાવી દેવામાં આવે. (શરાએ ઉલ-ઈસ્લામ-ભા-૪ પા. ૯૭૫)"

જો કે "તકય્યા" ની મર્યાદાઓ અને શરતો પણ છે અને મર્યાદાઓ અને શરતોને અનુસાર જ તેની છુટ છે, ખાસ કરીને મામલો એટલી હદ સુધી પહોંચી જાય કે તેનાથી બીજાઓના જીવને પણ જોખમ હોય તો "તકય્યો" ઘણો જ જરૂરી છે.

હદીસ શરીફમાં છે કે "તકય્યા"ની ખૂનના (જીવનના) રક્ષણ માટે છૂટ આપવામાં આવી છે તેથી જો (વાત) ખૂન સુધી (મારી નાંખવા સુધી) પહોંચી જ ન હોય તો તે સંજોગોમાં તકય્યો જાએઝ નથી. (કાફી-ભા-૨, પા. ૨૨૮)





E-mail : hadimasik@yahoo.com



# માં ઉપર આરોપ

એક યહૂદી ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ને અપમાનિત કરવાના હેતુથી આપને ખોટું ખરું સંભળાવવા લાગ્યો અને કહ્યું, તું તો ગાય (બકર) છે. ઈમામ અ.સ.એ ફરમાવ્યું, હું બકર (ગાય) નહીં પણ બાકિર છું. તેણે કહ્યું, તું તો ભોજન રાંધવાવાળી સ્ત્રીનો પુત્ર છે. "ઈમામ અ.સ.એ ફરમાવ્યું "આવું હોય તો રસોઈ પણ એક કલા છે." તેણે વધારે સ્વછંદ થઈને કહ્યું "તું કાળી અને ભૂંડું બોલનારી સ્ત્રીનો દીકરો છે." ઈમામ અ.સ.એ ફરમાવ્યું "જો આ સત્ય હોય તો ખુદા તેને ક્ષમા આપે અને તું જુઠ્ઠું બોલતો હોય તો ખુદા તને માફ કરે" તે યહુદીએ જ્યારે ઈમામ અ.સ.નું આવું આશ્ચર્ય પમાડે તેટલી હદે ધૈર્ય અને સદ્‌ચરિત્ર જોયું તો તે શરમિન્દો થઈ ગયો અને ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો. (મનાકિબ-૪/૨૦૦૭)

શું તમે પણ પોતાના સદચરિત્રથી કોઈ ભૂંડુ બોલનારાને શરમિન્દો કર્યો છે !!! કોઈને મુસલમાન બનાવ્યો છે !!!.





# અલ્લાહ તરફથી મળતી આજીવિકા અને તે અંગેની ફરિયાદ

અબૂ હાશિમ જાઅફરીએ વર્ણન કર્યુ છે કે એક વખત હું સખ્ત ગરીબી અને દરિદ્રતામાં સપડાઈ ગયો હતો. તેથી હું ઈમામ હાદી અ.સ. પાસે ગયો અને અંદર પ્રવેશવાની પરવાનગી મેળવીને ઘરમાં ગયો. જ્યારે હું આપની સામે બેસી ગયો તો ઈમામ અ.સ.એ ફરમાવ્યું "હે અબૂ હાશિમ ! તમો ખુદાની કઈ નેઅમતનો પાડ માનવા માંગો છો ? મારી તો બોલતી જ બંધ થઈ ગઈ કે શું કહું -"

તેથી ઈમામ અ.સ.એ જ વાતચીતનો આરંભ કર્યો અને ફરમાવ્યું :

"દયાળુ અલ્લાહે તમને ઈમાનનું ધન આપ્યું છે અને તેને પરિણામે તમારા શરીરને જહન્નમની આગથી બચાવી લીધું."





અને તમને સલામતી અને સુખ-ચેન-શાંતિની દોલતથી માલામાલ કર્યો છે જેને પરિણામે તમે તેની તાબેદારી અને આજ્ઞાપાલન (સુખ-શાંતિથી) કરી શકો છો.

અને ઓછાથી પણ ચલાવી લેવાની વૃત્તિને તમારી ટેવ બનાવી અને તેમ કરીને બરદાસ્ત ન થઈ શકે તેવી બાબતો - વસ્તુઓથી તમારૂં રક્ષણ કર્યું.

હે અબુ હાશિમ ! મેં આ બધી વાતો તમને એટલા માટે જણાવી છે કે મને એવું લાગ્યું હતું કે તમે મારી સમક્ષ એ હસ્તીની ફરિયાદ કરશો જેણે પોતાની દયા કૃપાથી તમારા ઉપર આટલા બધા ઉપકાર કર્યા છે.

તે પછી ઈમામ અ.સ.એ ફરમાવ્યું, તમે વ્યાકુળ થશો નહીં, મેં (મારા સેવકને) તમને સો દીનાર આપવાનું પણ કહ્યું છે એ તમે લઈ લેજો.

(મન - લાન્યહઝરહુલ -ફકીહ - ૪/૪૦૧-હદીસ-૫૮૬૩-અમાલી- સદૂક - પા.નં. ૪૧૨)



# મગજ કસો

## ત્રણ કપ

અહીં આપેલ અલગ અલગ કલરના ૩ કપમાં ૩ અલગ અલગ વસ્તુઓ છે. સિક્કો, મોતી અને ચાવી. નીચે આપેલ ૪ સૂચના વડે કયા કલરના કપમાં સિક્કો છે તે તમારે શોધવાનું છે !

(૧) લાલ કપની જમણી બાજુ લીલો કપ છે.

(૨) મોતીની જમણી બાજુ સિક્કો છે.

(૩) ચાવીની જમણી બાજુ લીલો કપ છે.

(૪) વાદળી કપની ડાબી બાજુ મોતી છે.



## અક્ષરો શોધો

આપેલ વર્તુળ "ABCD"ના કેટલાક અક્ષરો ખૂટે છે. ખૂટતા અક્ષરોથી એક પશુનું નામ બને છે, શું તમે તે પશુને શોધી શકશો ?






E-mail : hadimasik@yahoo.com

# દગો-છળ-કપટ

નબીયે કરીમ સ.અ.વ.થી રિવાયત છે કે ''જે કોઈ વેપારમાં કોઈ મુસલમાન સાથે છળ-કપટ કરે તે અમારા પૈકીમાંથી (મુસલમાન) નથી.''

આપ સ.અ.વ.એ જ ફરમાવ્યું છે કે ''જે કોઈ અમારી સાથે દગો કરે તે અમારા પૈકીનો નથી અને એવું ત્રણ વખત કહ્યું કે ''જો કોઈ પોતાના અન્ય મુસલમાન ભાઈ સાથે દગો-છળ-કપટ કરે તો ખુદા તેની રોજીમાંથી બરકત લઈ લે છે અને તેની આજીવિકાને દુષિત બનાવી દે છે.''

ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. થી રિવાયત છે કે ''નબી સ.અ.વ. મદીનામાં એક અનાજના વેપારીની દુકાન પાસેથી પસાર થયા. તું જે અનાજ વેચે છે તેનું મેં (ઝીણવટથી અંદરથી) નિરીક્ષણ નથી કર્યુ - પરંતુ દેખાવમાં તો (ઉપરથી તો) સારું લાગે છે'' અને પછી તેનો ભાવ પુછ્યો, ત્યાં આપના ઉપર વહી નાઝિલ થઈ કે આપ અનાજની અંદર હાથ નાંખીને જુઓ. આપે ખુદાના હુકમ ઉપર અમલ કર્યો તો જોયું કે ઉપર સારા અનાજની નીચે ખરાબ અનાજ છે. આ જોઈને આપે દુકાનદારને ફરમાવ્યું કે ''એ હકીકત છે કે તે છળ-કપટ અને દગા ગુનાહની સજા પોતાના માથે વહોરી લીધી છે.''



[૬] અલી

# હઝરત અલી અ.સ. નો ન્યાય

ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.થી રિવાયત છે કે "જ્યારે રસૂલે અકરમ સ.અ.વ.એ હઝરત અલી અ.સ.ને યમનના ન્યાયધીશ (કાઝી) બનાવીને મોકલ્યા અને આપ અ.સ. ત્યાનાં ન્યાયધિશ હતા તે દરમ્યાન કેટલાંક લોકો આપની પાસે એવી ફરિયાદ લઈને આવ્યા અને કહ્યું કે ફલાણાં વ્યક્તિના ઘોડાએ એક વ્યક્તિને લાતો મારી મારીને મારી નાંખ્યો છે. હઝરત અલી અ.સ.એ ઘોડાના માલિકને બોલાવ્યો અને હકીકત જાણવા માંગી તો તેણે કહ્યું કે આ ઘોડો તોફાની થઈ ગયો હતો અને મારી પાસેથી ભાગી ગયો હતો અને તે દરમ્યાન આ ઘટના ઘટી ગઈ છે."

હઝરત અલી અ.સ.એ જ્યારે આ વિગતો સાંભળી તો એવો ચુકાદો આપ્યો કે ઘોડાના માલિકનો કોઈ ગુનો બનતો નથી અને કોઈ બદલો





E-mail : hadimasik@yahoo.com

આપવા પણ તે જવાબદાર નથી, મરી જનારના વારસોને હઝરત અલી અ.સ.નો આ ચુકાદો પસંદ પડ્યો નહીં. અને તેઓએ મદીના આવીને હઝરત રસૂલે અકરમ સ.અ.વ.ને ફરિયાદ કરી કે "અલી અ.સ.એ અમારા ઉપર જુલ્મ કર્યો છે" અને પછી બધી વિગતો કહી સંભળાવી. રસૂલે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું, "અલી અ.સ.એ તદ્દન સાચો ચુકાદો આપ્યો છે" પછી ફરમાવ્યું કે "અલી અ.સ. કોઈ ઉપર જુલ્મ કરે જ નહીં (કરી શકેજ નહી) તે જુલ્મ કરવા માટે જન્મ્યાં જ નથી. મારા પછી વિલાયત અને આગેવાનીનો હક તેમને જ પહોંચે છે. અને મારા પછી તેમનો જ હુકમ ચાલશે અને કાફરો સિવાય બીજો કોઈપણ તેમની આજ્ઞાનો વિરોધ નહીં કરી શકે કે કોઈપણ તેમના બોલને ઉથાપી શકશે પણ નહી. અને જે વ્યક્તિ એમની વિલાયતને સ્વીકારશે તે વ્યક્તિ જ મોમિન હશે"

યમનવાળાઓએ જ્યારે આ સાંભળ્યું તો કહ્યું કે "હે અલ્લાહના રસૂલ સ.અ.વ. અમે હઝરત અલી અ.સ.ના ચુકાદાથી રાજી છીએ" આપે ફરમાવ્યું "આ રાજી પણું જ તમારી તૌબા (પ્રાયશ્ચતાપ) છે. હવે પછી આવી કોઈ ફરિયાદ અલી અ.સ. વિશે કરતા નહીં."

(અમાલી શૈખ સદૂક-પ્રકરણ-૫૫, હદીસ-૭, બિહારૂલ-અનવાર- ભાગ-૩૮, પા.નં. ૧૦૨+ ભાગ-૪, પાના નં. ૩૧૬)



# હંમેશા જહન્નમમાં રહેવા વાળા લોકો

| | | | |
|---|---|---|---|
| ૧. | કાફેરીન | : | સુરએ આલે ઈમરાન-<br>આયત - ૧૧૬ |
| ૨. | મુનાફેકીન | : | સુરએ મુજાદેલાહ -<br>આયત-૧૭<br>સુરએ નિસાઅ -<br>આયત-૧૪ |
| ૩. | ફાસેકીન<br>(હંમેશા ગુનાહોમાં રચ્યા<br>-પચ્યા રહેવાવાળાઓ) | : | સૂરએ : બકરાહ-આયત-૮૧<br>સૂરએ-યુનુસ : આયત-૧૭ |
| ૪. | બેગુનાહને-કારણ વગર<br>મારી નાંખનારાઓ | : | સૂરએ નિસાઅ-આયત-૯૩ |



E-mail : hadimasik@yahoo.com



| | | | |
|---|---|---|---|
| ૫. | વ્યાજખોર | : | સૂરએ બકરાહ-આયત-૨૭૫ |
| ૬. | અત્યાચારીઓ અને<br>જુલ્મ કરનારાઓ | : | સૂરએ શુરા-આયત-૪૫ |
| ૭. | (પોતાના) આઅમાલ<br>(ગુનાહના કાર્યો) ને<br>હલ્કા ગણનાર / સમજનાર | : | સૂરએ મોઅમેનૂન :<br>આયત-૧૦૨ - ૧૦૩<br>સૂરએ કહફ-આયત-૧૦૫ |
| ૮. | ઉઘાડી રીતે ગુનાહો<br>કરવાવાળાઓ | : | સૂરએ જિન, આયત-૨૨,<br>સૂરએ-નિસાઅ-આયત-૧૪<br>સૂરએ- ઝખરફ-આયત-૭૪ |



# પક્ષીઓના લાંબા પ્રવાસો



ઉનાળાના વેકેશનમાં અને દિવાળીની રજાઓમાં પ્રવાસે જવાનું થાય ત્યારે તમે બાળમિત્રો કેવા ખુશ થઈ જાઓ છો ! આવી જ રીતે શિયાળાની શરૂઆત થતા જ આકર્ષક વિદેશી પક્ષીઓ દર વરસે નિયમિત લાંબા પ્રવાસો કરે છે. લાખો, કરોડોની સંખ્યામાં આવા પક્ષીઓ ભારતમાં શિયાળો ગાળવા આવે છે. આટલા બધા પક્ષીઓ ક્યાંથી આવતા હશે ? શા માટે આવતા હશે ? કેટલું રોકાતા હશે ? તેમને રસ્તો કોણ બતાવતું હશે ? આવા પ્રશ્નો આપણને ચોક્કસ થાય....

ભારતથી ઉત્તરે ખુબ દૂર આવેલા દેશો કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમાનિસ્તાન, સાઈબીરિયા, રશિયા, યુરોપ અને છેક નોર્વે-સ્વીડન જેવા દેશોમાંથી આ પક્ષીઓ અહીં આવે છે. ચોમાસું પુરૂં થતાં ત્યાં શિયાળાની શરૂઆત થતાં ઠંડી ખૂબ વધે છે. કાતિલ ઠંડીમાં પક્ષીઓ માટે ઠંડા પ્રદેશોમાં રહેવું ખુબ જ અસહ્ય હોય છે. અંતરની દ્રષ્ટિએ જોઈએ તો બે ત્રણ હજારથી માંડી સાત હજાર કિલોમીટર જેટલો લાંબો પ્રવાસ તેઓ દર વરસે નિયમિતપણે કરે છે.

## પક્ષીઓએ આટલા લાંબા પ્રવાસો કેમ કરવા પડતા હશે ?

સપ્ટેમ્બર ઉતરતા અને ઓક્ટોબર શરૂ થતાં આપણે ભારતથી જેમ-જેમ ઉત્તર તરફ જઈએ તેમ ઠંડી ખૂબ વધે. નાના-મોટા તળાવ-સરોવરો, નદી-નાળાના પાણી ઠરી જઈને બરફ બને. આખી ધરતી બરફથી છવાઈ જાય. લગભગ બધા પક્ષીઓ જીવાંતભક્ષી કે માંસભક્ષી છે. ચારેકોર બરફ છવાઈ જતા જીવાત અદશ્ય થઈ જાય. એટલે પક્ષીઓ ખાય શું ? ત્યાં રહે તો તેમને ભૂખે મરવું પડે. આવા સમયે ભારતમાં ચોમાસું પુરૂં થતા હરિયાળી થઈ ગઈ હોય. જળાશયોમાં ભરપૂર પાણી હોય એટલે માછલા, દેડકા જેવા જીવજંતુ અને જંગલી ફળફુલ મળી રહે. આથી લાંબો પ્રવાસ કરી ભારત આવેલા પક્ષીઓને અને આપણા સ્થાનિક લાખો પક્ષીઓને ખોરાક શોધવા પુરતો સમય મળી રહે.



## પ્રવાસી પક્ષીઓની વળતી મુસાફરી

ફેબ્રુઆરી આવતા અહીં ઠંડી ઘટવા માંડે, દિવસો લાંબા થવા લાગે. ગરમી પણ વધવા માંડે અને



ત્યાં ઉત્તરના ઠંડા પ્રદેશોમાં ધીમે-ધીમે બરફ ઓગળવો શરૂ થાય. જમીન લીલોતરીથી છવાતી જાય. જીવજંતુ વધવા માંડે. વૃક્ષો ઉપર નવાં પાદડાં આવવા લાગે. આહાર-વિહારની દ્રષ્ટિએ ફરી ત્યાં અનુકુળતા ઉભી થાય. એટલે વળી પાછો તેનો લાભ લેવા પ્રવાસી તરીકે અહીં આવેલા પક્ષીઓ વળતી મુસાફરી શરૂ કરે. માર્ચ-એપ્રિલથી પાછા જવાની શરૂઆત કરે અને છેક મે મહિનો શરૂ થતાં લગભગ બધા શિયાળુ પ્રવાસી પક્ષીઓ પોતાના મૂળ પ્રદેશમાં પહોંચી જાય. ત્યાં જઈને એ લોકો માળા બાંધે, ઈંડાં મૂકે, બચ્ચાં ઉછેરે. બચ્ચાં મોટા થાય ત્યાં સુધી સપ્ટેમ્બર-ઓક્ટોબર આવી જાય. ફરી ત્યાં વાતાવરણ પ્રતિકુળ થવા લાગે. તેનાથી બચવા માટે પક્ષીઓ અને ઉછરીને મોટા થયેલા બચ્ચાં દક્ષિણે આવેલા ભારત જેવા દેશના અનુકુળ હવામાનનો લાભ લેવા આવી પહોંચે.

### માર્ગ કેવી રીતે નક્કી કરે છે ?

આ પક્ષીઓને તેમની કુદરતી સમજણથી પ્રવાસના યોગ્ય માર્ગની જાણકારી હોય. આથી ભૂલા પડ્યા વિના તેઓ આપણે ત્યાં આવી પહોંચે છે. આમાંના કેટલાક પક્ષીઓ રાતે મુસાફરી કરે છે અને દિવસે ખાઈપીને આરામ કરે છે તો અન્ય કેટલાક પક્ષીઓ નક્ષત્રોને આધારે અને દિવસે મુસાફરી કરનાર પક્ષીઓ સૂર્ય ઉપરથી પોતાના જવાની દિશાની જાણકારી મેળવે છે.

### ક્યા પ્રવાસી પક્ષીઓ આવે છે ?

આવા પક્ષીઓમાં કુંજ, કરકરા,પેણ, ઢોંક જેવા મોટા પક્ષીઓ તો હંસ, બતક, ભગતડા, ગડરા અને ગરૂડ, બાજ, પટ્ટાઈ જેવા મધ્યમકદના પ્રવાસી પક્ષીઓ છે. ધોમડા, વાબગલી, ભૂલાભૂલામણીમાં પડી જવાય તેવા અને છીછરા પાણીકાંઠાનાં પંખીઓ પણ અહીં આવે છે, છોડવા અને વૃક્ષોમાં વિચરતા ચકલીથી થોડા નાના-મોટા કેટલીય જાતના પક્ષીઓ, વિવિધરંગી માખીમાર પક્ષીઓ આપણે ત્યાં આવે છે અને આપણી પક્ષી સમૃદ્ધિને રમણીય બનાવે છે.





# અહલેબૈત અ.સ. અને દાનવીરતા



દાનવીરતાનો અર્થ એવો થાય છે કે મનુષ્ય જ્યાં જરૂરી હોય ત્યાં અને યોગ્ય પ્રસંગોએ પોતાનો હાથ છૂટો રાખે અને મન મોકળુ (વિશાળ) રાખે અને પોતાની ઉદારતા અને દાનવૃત્તિથી બીજાઓની મુશ્કેલીઓ અને દુઃખ દર્દને દુર કરે અને અલ્લાહની ભૌતિક અને અભૌતિક નેઅમતોમાંથી બીજાઓને પણ લાભાન્વિત થવાની તક આપે.

માઅસૂમીન અ.સ.એ દાનવીરતા અંગે ઘણી વાતો વર્ણવી છે અને ઉદાહરણીય ચરિત્ર પણ પ્રદર્શિત કર્યુ છે અને દાનવીર વ્યક્તિ માટે ખૂબ જ મોટો સવાબ હોવાની બાંહેધરી આપી છે.

મહાન પયગમ્બર સ.અ.વ. ફરમાવે છે કે "દાનવીર વ્યક્તિ અલ્લાહનું સામિપ્ય પ્રાપ્ત કરે છે. લોકોમાં પણ લોકપ્રિય હોય છે અને જન્નતની પાસે પણ હોય છે. (બિહાર-ભા. ૭૩-પા. ૩૦૮)"

હાતિમ નામનો એક મહાન દાનવીર પુરૂષ અરબસ્તાનમાં થઈ ગયો હતો. તે કાફિર તરીકે મૃત્યુ પામ્યો હતો પરંતુ તેની ખુબ જ વધારે દાનવીરતાને કારણે પયગમ્બરે અકરમ સ.અ.વ.એ તેનો પુત્ર આપની પાસે આવ્યો ત્યારે તેને કહ્યું હતું કે "તમારા પિતાની ખૂબ જ મોટા પ્રમાણની દાનવીરતાને કારણે ખુદાવન્દે આલમે તેના ઉપરથી અઝાબ હટાવી લીધો છે." (બિહાર ભા-૭૧, પા. ૩૫૪)

ઈમામ અલી અ.સ. ફરમાવે છે કે "દાનવૃત્તિ-લોકપ્રિયતાનું કારણ બને છે અને તે મનુષ્યના ચરિત્રનો શણગાર છે" (મીઝાનુલ હિકમત-ભા-૪, પા. ૨૨૦)



E-mail : hadimasik@yahoo.com




ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે "દયાળુ અને દાનવીર વ્યક્તિ પોતાના ધનને સાચા અને યોગ્ય પ્રસંગોએ ખર્ચ કરે છે" (બિહાર-ભા-૭૧, પા. ૩૫૩)

કોઈપણ વ્યક્તિએ દાનવૃત્તિ તજવી જોઈએ નહી. કારણ કે ખુદાવન્દે આલમે જે ધન-દોલત આપણને આપી છે તે અંગે એવી રીતે પણ વિચારવું જોઈએ કે શક્ય છે કે આ ધન-દોલત બીજા કોઈના માટે અલ્લાહે આપણને થાપણ તરીકે આપી છે અને દાન કરીને અને બીજાઓની સહાયતા કરીને આપણે પરવરદિગારનો આભાર માનવો જોઈએ કે બીજાઓની મુશ્કેલીઓ દુર કરવાની બાબતમાં અને બીજાઓની સહાયતા કરવાની બાબતે અલ્લાહે પોતાની તે સહાયતા આપણી મારફત તે વ્યક્તિ સુધી પહોંચાડી છે. જો કોઈ વ્યક્તિ એવું વિચારતી હોય કે દાન કરવાથી પોતાનો ધન-પૈસો નાશ પામશે અને તે કારણે તે કંજુસી કરતો હોય, દાન કરવામાંથી પોતાનો હાથ રોકી લેતો હોય તો તેની ભૂલ છે.

કંજુસાઈ એ દાનવીરતાથી વિરૂધ્ધનું કાર્ય છે. જેને પરવરદિગાર પણ પસંદ નથી કરતો અને અલ્લાહે ફરમાવ્યું છે કે "જે લોકો કંજુસાઈ કરે છે અને જે કાંઈ તેમને અલ્લાહે આપ્યું છે તેમાંથી (અલ્લાહના માર્ગે) ખર્ચ નથી કરતા તેઓ એવું ન વિચારે કે તેમનું આ કાર્ય તેમના માટે લાભદાયક છે. ના, પરંતુ, તેમના એ ધનને જ ખુદાવન્દે આલમ તે લોકોનાં ગળામાં ભારે સાંકળની જેમ નાંખી દેશે."



તેથી દરેક મનુષ્યે દાનવીરતા અપનાવવી જોઈએ - તેનાથી દૂર ભાગવું જોઈએ નહીં અને ખુદાવન્દે આલમ ઉપર ભરોસો રાખવો જોઈએ કે જેણે આપણને આજે ધન-દોલત આપી છે તો કાલે પણ આપશે - આપણે જો બીજાઓને આપીશું તો પરવરદિગાર આપણને પણ આપશે જ.

માઅસૂમીન અ.સ. પોતાના વ્યવહારૂ જીવનમાં પણ દાનવીરતાના મેદાનમાં કોઈનાથી પાછળ દેખાતા નથી. ઈતિહાસમાં માઅસૂમીન અ.સ.ની દાનવીરતાના અનેક પ્રસંગો આલેખાએલા છે. દા.ત. હઝરત અલી અ.સ.ની બાબતનો એક ઉલ્લેખ જોઈએ.

મુઆવિયા હઝરત અલી અ.સ.નો સૌથી મોટો શત્રુ હતો, તે હકીકત જગજાહેર છે. એક વ્યક્તિ મુઆવિયા પાસે આવ્યો ત્યારે મુઆવિયાએ તેને પુછયું, તું ક્યાંથી (કોની પાસેથી) આવે છે ? તે વ્યક્તિએ મુઆવિયાને ખુશ કરવા અને તેની પાસે ઈનામ મેળવવાની લાલચથી કહ્યું "હું અરબ જગતના સૌથી કંજુસ વ્યક્તિ એટલે કે અલી અ.સ. પાસેથી આવું છું."

મુઆવિયા હઝરત અલી અ.સ.નો સૌથી મોટો શત્રુ હતો તેમ છતાં આપના ઉપર આટલો મોટો તદ્દન જુઠ્ઠો અને ખોટો આળ જીરવી શક્યો નહી અને કહ્યું કે "તું અલી અ.સ.ને અરબ જગતના સૌથી કંજુસ વ્યક્તિ કેવી રીતે કહી શકે છે ? ખુદાના સોગંદ ! જો અલીની પાસે બે ઘર હોય તે પૈકી એક ઘર ઘાસથી ભરેલું હોય અને બીજું ઘર સુવર્ણ મહોરોથી ભરેલું હોય તો અલી અ.સ. સૌથી પહેલા સુવર્ણ મહોરોથી ભરેલા ઘરને ખુદાની રાહમાં દાન કરી દેશે."

(બિહારૂલ અનવાર ભા-૩૩, પા. ૨૫૪)



E-mail : hadimasik@yahoo.com

# પ્રશ્ન અને જવાબ

**પ્રશ્ન : ખુદાવન્દે આલમ કેટલાંક કાર્યો (આઅમાલ)નો સવાબ ગણી ન શકાય તેમ અકલ્પનીય માત્રામાં કેવી રીતે આપશે ?**

જવાબ : કેટલીક રિવાયતોમાં છે કે નમાઝે જમાઅતમાં જેટલા વધારે લોકો હશે તેટલો વધારે સવાબ મળશે. એટલે સુધી કે નમાઝે જમાઅતમાં નમાઝ પઢનારા લોકોની સંખ્યા દસ સુધી પહોંચી જાય તો સવાબની માત્રા ગણી ન શકાય, અકલ્પનીય માત્રામાં સવાબ આપવામાં આવશે અને સવાબની માત્રા અલ્લાહ સિવાય બીજો કોઈ જાણી પણ શકતો નથી.

આ બાબતનું વ્યવહારુ દૃષ્ટાંત એવી રીતે આપી શકાય કે માણસ એક આંગળીથી ટેલીફોનનો નંબર જોડી શકે છે. પરંતુ જો બે આંગળીઓ ભેગી કરીને કામ લેવામાં આવે તો નાની-મોટી વસ્તુઓ ઉપાડી શકાય છે. પંરતુ જો ત્રણ આંગળીઓની શક્તિ એકી સાથે કામે લગાડવામાં આવે તો તેનાથી મોટું કાર્ય થઈ શકે છે. એટલે સુધી કે જો દસે-દસ આંગળીઓની શક્તિ એકત્ર કરી દેવામાં આવે તો માણસની કાર્યશક્તિ અમર્યાદિત થઈ જાય છે અને આ રીતે કરવામાં આવતા કાર્યો ન ગણી શકાય તેટલી માત્રા-સંખ્યામાં થઈ જાય છે.



# રજબ માસની ઘટનાઓ




૧-રજબ ના દિવસે હઝરત ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.)ની વિલાદત થઈ હતી. આપની વિલાદત શુક્રવારના દિવસે સન ૫૭ હિજરીમાં થઈ હતી.



3-રજબ ના દિવસે સન ૨૫૪ હિજરીમાં ૪૧ વરસની વયે ઈમામ નકી (અ.સ.)ને મોઅત્તઝ બિલ્લાહએ ઝેરથી શહીદ કરાવી દીધાં હતાં.



૫-રજબ ના દિવસે સન ૨૧૪ હિજરીમાં ઈમામ અલી નકી (અ.સ.)ની વિલાદત થઈ હતી અને આજના દિવસે જનાબ અલી અસગર (અ.સ.)ની સન ૬૦ હીજરીમાં વિલાદત થઈ હતી. (તારીખે સામરાઅ - પા. ૩૦૨)



૧૦-રજબ ના દિવસે આપણા નવમા ઈમામ મોહંમદ તકી (અ.સ.)ની વિલાદત થઈ હતી.



૧૩-રજબ ના દિવસે આપણા પહેલા ઈમામ અલી (અ.સ.)ની પુણ્યશાળી વિલાદત થઈ હતી.



E-mail : hadimasik@yahoo.com

૧૫-રજબ ના દિવસે હઝરત ઝયનબ (સલા.)ની વફાત થઈ હતી અને આજના જ દિવસે સન ૨ હિજરીમાં પહેલાં કિબ્લા ‘બયતુલ મુકદ્દસ’ની દિશામાંથી દિશા બદલીને મુસલમાનોને ‘‘ખાનએ-કાઅબા’’ની દિશામાં મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આવ્યો હતો.



૨૫-રજબ ના દિવસે સને ૧૮૩ હિજરીમાં જનાબ મુસા કાઝિમ (અ.સ.)ની શોકમય શહાદત ઝેરથી થઈ હતી.



૨૬-રજબ ના દિવસે જનાબ અબૂ તાલિબ (અ.સ.)ની વફાત થઈ હતી. આપનું અસલી નામ ઈમરાન હતું. આપે પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)ની હંમેશા દરેક પ્રસંગે રક્ષા કરી હતી અને મદદ કરી હતી.



૨૭-રજબ ના દિવસે આપણાં નબીયે અકરમ (સ.અ.વ.)ની નબુવ્વત અને રિસાલતનો પ્રારંભ થયો હતો.આજનો દિવસ ‘બઅસતનો દિવસ’ કહેવાય છે. અને આજની તારીખની રાત્રીએ આપણાં નબીએ અકરમ (સ.અ.વ.)ને ‘મેઅરાજ’ પણ થઈ હતી.



૨૮-રજબ ના દિવસે કરબલાના શોકમય પ્રસંગનો પ્રારંભ થયો હતો કારણ કે સન ૬૦ હિજરીમાં આજના દિવસે જ ઈમામ હુસૈન (અ.સ.)ને મદીના છોડવું પડ્યું હતું.



# આગનો સળિયો

ઈમામ અલી અ.સ.ના સૌથી મોટા શત્રુ મુઆવિયાએ એક વખત હઝરત અલી અ.સ.ના મોટા ભાઈ જનાબ અકીલ પાસેથી સળિયાવાળા પ્રસંગ વિષે પુછયું તો આપે જણાવ્યું કે એક વખત અમે સખ્ત રીતે દરિદ્ર અને મોહતાજ થઈ ગયા હતા અને ભુખને કારણે અમારા હાથ-પગમાં શક્તિ પણ રહી નહોતી, મેં મારા ભાઈ અલી અ.સ. પાસે બયતુલમાલમાંથી કાંઈ સહાયતા કરવા વિનંતી કરી. ત્યારે તેમણે મારી વાત સાંભળી જ નહીં (તેના ઉપર કોઈ ધ્યાન ન આપ્યું) મેં રડી-રડીને યાચના કરી તેની પણ કોઈ અસર થઈ નહીં. છેવટે હું મારા બાળકોને મારા ભાઈ પાસે લઈ ગયો. બાળકોના મોઢા ઉપરથી ગરીબી અને અસહાયતા સ્પષ્ટ દેખાતી હતી. મેં તેમને દેખાડીને આપની પાસે સહાયતાની યાચના કરી.

છેવટે અલી અ.સ.એ કહ્યું, જાઓ - સાંજે આવજો - હું કોઈ વ્યવસ્થા કરી રાખીશ. મેં મારા એક પુત્રને સાથે લીધો. તેણે મારો હાથ પકડયો અને મને અલી અ.સ. પાસે લઈ ગયો. તેમણે મારા પુત્ર ને કહ્યું "જાઓ, તમે થોડે દુર ચાલ્યા જાવ" તે પછી મને કહ્યું, "લો આ પકડો" હું સમજ્યો કે કદાચ પૈસાની થેલી હશે, મેં લાલચમાં હાથ આગળ કર્યો તો મારો હાથ લોખંડના એક ગરમ થઈ ગયેલા સળિયા પર પડ્યો, હું તો તેને ફક્ત અડકયો જ હતો કે ગળામાંથી એવી ચીસ નીકળી ગઈ કે જેવી રીતે કસાઈની છરીની નીચે ગાય ચીસ પાડે છે.

તે પછી અલી અ.સ.એ મને કહ્યું "આ તો દુન્યાની આગમાં ગરમ કરેલો લોખંડનો સળિયો હતો, તમે કેવી રીતે એવી વાત કરવાની ઈચ્છા


E-mail : hadimasik@yahoo.com

રાખો છો કે મને અને તમને બંને ને કાલે કયામતના દિવસે આ કાર્ય (એટલે કે બયતુલમાલ નો પૈસો ખોટી રીતે અનહકનો લેવાના) માટે જહન્નમની સાંકળો અને સળિયાઓમાં જકડી દેવામાં આવે. પછી આપે કુરઆનની એ આયત તિલાવત ફરમાવી કે " તે સમયને યાદ કરો જ્યારે (જહન્મમાં આગથી લાલચોળ) સાંકળો એ લોકોના ગળામાં પહેરાવીને તે સાંકળો વડે જ તેમને ખેંચી લેવામાં આવશે (સૂરએ ગાફિર- આયત - ૭૦)"

તે પછી કહ્યું "ખુદાએ તમારો જેટલો હક મારી પાસે રાખ્યો હતો. (તે હું તમને આપી ચુક્યો છુ) તેથી હવે તેનાથી વધારાના ધન ઉપર તમારો કોઈ અધિકાર-હક નથી. પોતાના કુટુંબ તરફ પાછા ચાલ્યા જાવ."

આ વિગતો સાંભળીને મુઆવિયા સખ્ત આશ્ચર્યમાં ડૂબી ગયો. અને તે પછી વારંવાર કહેવા લાગ્યો, "હાય અફસોસ - હાય અફસોસ - સ્ત્રીઓ અલી અ.સ. જેવા બીજા કોઈને જન્મ આપી શકે તેમ છે જ નહી" (શરહે નહજુલ બલાગાહ - ઈબ્ને અબિલ હદીદ-૧૧/૨૫૩- બિહારૂલ અનવાર ૪૨/૧૧૪ - પ્રકરણ ૧૨૧)

જહન્નમની બીકને કારણે શું તમે કદી ખોટા કાર્યોથી બચવા માટે આવી રીતે પ્રયત્ન કર્યો છે !









# શાફઇ અને ઈમામ જવાદ અ.સ.

કમાલુદ્દીન શાફઈ કે જે અહલે સુન્નતના મહાન વિદ્વાનો પૈકી એક છે તે ઈમામ જવાદ અ.સ. વિશે લખે છે કે :

આ મુહમ્મદ જવાદ(અબૂ જાઅફર મુહમ્મદ બીજા) ખુબ જ મહાન દરજ્જા અને ઉચ્ચ કોટીના વ્યક્તિ હતા અને આપનું નામ લોકજીભે પ્રચલિત હતું. આપ વિશાળ છાતી અને દીર્ઘ દ્રષ્ટિ ધરાવતા હતા. અને આપની સુમધુર વાણીએ તમામ લોકોને પોતાના પ્રત્યે આકર્ષિત કરી લીધા હતા. આપનું આયુષ્ય ખુબ ટુંકું હતું. અને યુવાવસ્થામાંજ આપ અલ્લાહની બારગાહમાં પહોંચી ગયા હતા. આપની આટલા ટૂંકા આયુષ્યમાં પણ લોકોએ આપની પાસેથી ફાયદા મેળવ્યા હતા. જે કોઈપણ આપની સમક્ષ જતો, આપોઆપ (સ્વયં-સ્ફુર્ણાથી) આપની સમક્ષ ઝુકી જતો હતો અને આપની વિદ્વતાના પ્રકાશથી લાભાન્વિત થતો હતો. આપ પ્રકાશ (નૂર)નો એવો સ્ત્રોત હતા કે બધા જ આપના પ્રકાશથી પ્રકાશિત હતા.

(મતાલિબુલ મસઉલ-ફી-મનાકિબે આલે રસૂલ-૧૪૭)

આ ફઝીલત (ઉચ્ચ ગુણો)ની પરાકાષ્ટા કહેવાય કે વિરોધી પણ પ્રશંસા કરવા માટે વિવશ થઈ જાય.

**શું તમે પોતાના માર્ગદર્શકોની ખરી ઓળખ મેળવવા પ્રયત્ન કર્યા છે ???**



E-mail : hadimasik@yahoo.com

# જુઓ અને સમજો



વધારે ઘરેણાં પહેરવાનું પરીણામ...



ગરમી થી બચવું ...



કુદરતનો ચમત્કાર...



કુદરતનો ચમત્કાર...



ઈન્સાનિયત...

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**ભીમાણી અબ્બાસ અખ્તરઅલી**
મહેન્દ્ર પારા શેરી નં.-૧૨, મોરબી.



**હસન મોહીબ યાસીન અલી**
પોરલા મેડીકલ, કાણોદર.



**મિસમ એમ. વિરાણી**
સેલવાસા.



**જામાણી મિસમ રઝા એમ.**
સુરત.



E-mail : hadimasik@yahoo.com

# રજબ માસમાં ખુદાની રહેમત

ઈબ્ને બાબવય એ પ્રમાણભૂત આધાર સાથે સાલિમથી રિવાયત કરી છે કે તેણે એવું કહ્યું છે કે, 'એક વખત હું રજબ માસના અંત ભાગમાં ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની સેવામાં હાજર થયો. જ્યારે આપની મુબારક દ્રષ્ટિ મારા ઉપર પડી ત્યારે આપે મને પુછ્યું, શું તેં આ માસમાં રોઝો રાખ્યો હતો. મેં ના પાડી તો આપ અ.સ.એ ફરમાવ્યું : કે ખુદાની ઝાત સિવાય બીજો કોઈ કલ્પના પણ ન કરી શકે તેટલો સવાબ તેં ગુમાવ્યો છે. કેમકે આ એ મહીનો છે જેને ખુદાએ અન્ય (તમામ) મહીનાઓ ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) આપી છે. તેના માન-સમ્માનને ઘણો મોટો ગણાવ્યો છે. મેં અરજ ગુજારી કે હે ફરઝન્દે રસૂલ ! હવે હું બાકી રહી ગએલાં દીવસોમાં રોજો રાખી લઉ તો હું આ મહીનાના રોજા રાખનારાઓના કેટલાંક સવાબનો હકદાર થઈ જઈશ ? તો આપે ફરમાવ્યું : હે સાલિમ! જો કોઈ વ્યક્તિ આ માસના અંતિમ દિવસોમાંના કોઈ એક દિવસે રોજો રાખી લે તો ખુદાવન્દે આલમ રૂહ કબ્ઝ થાય છે તે વખતની સખ્તાઈ (સકરાતની સખ્તાઈ) - મૃત્યુ પછીની બીક - કબરના અઝાબથી તેને બચાવી લેશે અને જો કોઈ વ્યક્તિ ત્રણ દિવસ રોજા રાખશે તો ખુદાવન્દે આલમ કયામતના દિવસની મહાન બીક અને તે દિવસની સખ્તાઈથી તેને બચાવી લેશે અને તેને જહન્નમથી છુટકારો મળી જશે.'



# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**





**નકવી સરફરાજ હુસૈન, નકવી અલીનવાજ, નકવી અનવર**

સાદાત કોલોની, મહુવા.



**લાખાણી ઝૈન અલી આર.**

હ. અબ્બાસ અ.સ. પાર્ક, વરતેજ.



**મુસ્કાન તુરાબઅલી જીવાણી**

હોરાવાડ.



E-mail : hadimasik@yahoo.com

# સહનશીલતા

રસૂલે ખુદા સ.અ.વ.થી રિવાયત છે કે "ખુદા કદી અજ્ઞાનતાને ઈજ્જત નહીં આપે અને સહનશીલતાને કદી બેઆબરૂ નહીં કરે."

ઈમામ રિઝા અ.સ.થી રિવાયત છે કે "કોઈપણ વ્યક્તિ જ્યાં સુધી સહનશીલ ન થઈ જાય ત્યાં સુધી તે ધર્મ પરાયણ (આબિદ) બની શકે નહીં."



**મગજ કસો :** ● જવાબ : વાદળી કપમાં સિક્કો છે. ● જવાબ : **horse**

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

